# મેઢાસણ ગામમાં નવનિર્મિત માર્ગ પર ખાડા પડી જતા રોષ

## માત્ર છ મહિના પહેલા લાખોના ખર્ચે બનેલા રોડમાં ભ્રષ્ટાચારની બુ આવતા નગરજનોમાં રોષ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં બનાવેલો આરસીસીસી રોડ પર માત્ર છ મહિનાના ટુંકા ગાળામાં જ ઠેર ઠેર ખાડા પડી જતાં રોડની કામગીરીમાં કરવામાં આવેલી પોલમપોલ ખુલી ગઈ છે. વરસાદ પડતાંની સાથે જ લાખો રૂપિયાના ખર્ચે બનાવેલા આ રોડ પર કાંકરા ઉખડી જતાં ખાડા પડી ગયા છે. જેના લીધો રોડની કામગીરી અને ગુણવત્તા સામે અનેક સવાલો ઉઠવા પામ્યા છે. મેઢાસણ ગામના પ્રેમજીભાઈ બાદરભાઈ પટેલના ખેતર પાસેથી ડેરી સુધી બનાવેલો આરસીસી રોડ બનાવ્યે હજુ માંડ છ મહિના જેટલો જ સમય થયો છે ત્યાં જ વરસાદ પડવાની સાથે આરસીસી રોડમાંથી કાંકરા છૂટા પડવા માંડ્યા છે. જેના લીધે રોડ પર ખાડા પડી જતાં ગ્રામજનોમાં રોષ વ્યાપ્યો છે. નવીન બનાવેલો રોડ તુટી જતા હાલ આ રોડ વાહનચાલકોને ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ચોમાસાની ઋતુમાં આ રોડ પર પડેલા ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ રહેતા અકસ્માત સર્જાવવાની સક્યતાઓ રહેલી છે. રોડના સમારકામ માટે ગ્રામજનોએ વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ જ પગલા ન લેવાતા લોકોએ તંત્ર સામે રોષ પ્રગટ કર્યો છે અને છ મહિનાના ટુંકા ગાળામાં જ બિસ્માર બની ગયેલા રોડનું કામ કરનાર કોન્ટ્રાક્ટર સામે પણ લોકોએ પગલાં લેવાની માંગ કરી છે. ગ્રામલોકોના જણાવ્યાનુસાર લાખો રૂપિયાના ખર્ચે બનાવેલો ગામના અવરજવરના મુખ્ય માર્ગ તુટતા વાહનચાલકો તેમજ અવરજવર કરતાં લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે.



### વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરે છે

મેઢાસણ ગામના પટેલ ઈશ્વરભાઈ ધુળાભાઈના જણાવ્યાનુસાર કોન્ટ્રાક્ટર દ્વારા બેદરકારી અને હલકી ગુણવત્તાવાળુ કામ કરતાં આ રોડ પર માત્ર છ મહીના જેટલા ટુંકા ગાળામાં કાંકરા ઉખડી ગયા છે અને ખાડા પડી ગયા છે. જેના લીધે લોકોને અવરજવર માટે તકલીફ પડે છે. તદ્ઉપરાંત રોડના એસ્ટીમેન્ટમાં રોડની સાઈડોમાં પગથી બનવાનો ઉલ્લેખ હોવા છતાં પણ કેટલીક જગ્યાએ બનાવેલ નથી. રોડના સમારકામ માટે અમે ઉચ્ચકક્ષાએ પણ રજુઆત કરી હોવા છતાં તંત્ર પણ આંખ આડા કાન કરે છે.

# શ્રાવણી અમાસની સાંજે તલોદના શ્રીકૃષ્ણ મંદિર ખાતે હિમાલયમાં અમરનાથ દર્શનનું આયોજન

તલોદ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ મધ્યે આવેલા શ્રીકૃષ્ણ મંદિર પરિસરમાં પવિત્ર શ્રાવણ માસના સમાનપ પ્રસંગે પ્રથમ વખત જ 'હિમાલયમાં અમરનાથ દર્શન' રજૂ કરવાનું બેનમુન આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે તા. ૧-૯-૧૬ ગુરૂવારની સાંજે ૬.૦૦ થી રાત્રીના ૧૧.૦૦ વાગ્યા સુધી આ દર્શન ખુલ્લા રહેશે. જેનો લાભ સેંકડો ભાવિકો લેનાર છે. અમરનાથ દર્શન પ્રસંગે તે દિવસે સાંજે ૭.૧૫ કલાકે મંદિર પરિસરમાં સમૂહ સાયં આરતીનું પણ આયોજન તલોદ વૈષ્ણવ સમાજ ટ્રસ્ટ અને યુવા ભક્તોના સથવારે ઉત્સવ સમિતિએ કરેલ છે.

# અમરગઢકંપા નજીક અમરધામ આશ્રમના સદાઉપવાસી સંત ફકીરદાસજી બ્રહ્મલીન થતા ભક્તોમાં શોકાગ્નિ

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના અમરગઢકંપા નજીક આવેલા અમરધામ આશ્રમમાં લોક કલ્યાણ કાર્યોની ધૂણી ધખાવનાર



અને માત્ર તપ અને સત્યના બળે જીવતા સંતશ્રી ફકીરદાસજી મહારાજ બ્રહ્મલીન થતા સંતશ્રીના બ્રહ્મલીન થયાના સમાચાર વાયુવેગે પ્રસરતા મોટી સંખ્યામાં ભક્તજનો તેમના ગુરૂના અંતિમ દર્શન કરવા ઉમટી પડ્યા હતા તેમજ સ્થાનિક અને અન્ય સાધુ-સંતોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સંતશ્રી ફકિરદાસજી મુળ કચ્છ (ભારાસર)થી અહી આવીને ૬૦ વર્ષથી લોકસેવાનાકાર્યો કરતા હતા તેમજ ૧૧ વર્ષ સુધી મૌનવ્રત ધારણ કર્યા બાદ છેલ્લા ૫૦ વર્ષથી અન્યનો ત્યાગ કરી સદા ઉપવાસી સાદગીભર્યુ જીવન વિતાવતા હતા. ૬૦ વર્ષ પહેલા પ્રગટાવેલી અખંડ જ્યોત આજેય પ્રાગટ્ય સ્વરૂપે સતત જીવંત છે અને અનેક લોકોની મનોકામના અખંડ જ્યોતના દર્શન કર્યા પછી પૂર્ણ થયાના દાખલા છે.

# તલોદ-રણાસણની બે પરણિતાઓની સાસરીયા સામે પોલીસ ફરિયાદ

તલોદ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ અને રણાસણ ગામની બે પરણેતર યુવતીઓએ પોતાના પતિ સહિતના સાસરીયા સગાં સામે શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાની અને પિયરમાંથી રૂપિયા લઈ આવવાની માંગણીઓ કરતા હોવાની પોલીસ ફરિયાદ તલોદ પોલીસ દફતરે નોંધાવેલ છે. તલોદની ચેતનાબહેન દેસાઈએ ગાંધીનગર જિલ્લાના મોટી સિહોલી ગામે રહેતા પતિ સહિતના ૬ સગા સામે આરોપ મુકેલ છે. જ્યારે રણાસણની રીન્કુબહેન ભોઈએ મોડાસા અને પ્રાંતિજ ખાતે રહેતા પતિ સહિતના સગાંઓ સામે આરોપ મુકતી ફરિયાદ નોંધાવેલ છે.

તલોદના ચેતનાબહેન દેસાઈએ મોટી શિહોલી ખાતે રહેતા પતિ છગનભાઈ જેમરભાઈ દેસાઈ તથા સસરા જેમરભાઈ હરજીભાઈ દેસાઈ, સાસુ જલાબહેન, દિયર અલ્પેશ, દેરાણી રીટા અને નણંદ આશા દેસાઈ સામે શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાનો આરોપ મુકેલ છે. તેણીના પતિ છગનભાઈ તેણીને કહેતા હતા કે તે અગાઉ બે વખત લગ્ન કરેલ છે અને તુ તારા બાપના ઘરેથી રૂ. ૧૦ લાખ લઈ આવ. મારે નવું મકાન બનાવવુ છે. ફરિયાદ અન્વયે ઉપરોક્ત સગા વારંવાર શારીરિક માનસિક ત્રાસ આપતા હતા તેમજ પતિ અને દિયરે તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

તલોદ તાલુકાના રણાસણ ગામની રીન્કુબહેન ભોઈએ તેણીના પતિ નવિન્દ્રકુમાર અરવિંદભાઈ ભોઈ, જેઠ કનુભાઈ અરવિંદભાઈ ભોઈ, નીતાબેન કનુભાઈ ભોઈ (જેઠાણી), સાસુ પાર્વતિબહેન એ. ભોઈ અને નણંદ સાવિત્રીબહેન રણછોડભાઈ ભોઈ સામે શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવેલ છે.

ફરિયાદ અન્વયે જોતા તેણીના પતિ નવિન્દ્રકુમારને સાસરીયા સગા ચઢવણી કરી સારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. તદ્ ઉપરાંત તેણીની જેઠાણી સાથે પતિ નવિન્દ્રને આડો સંબંધ હોવાની આશંકાને પગલે તેઓને તેણી જોઈ જતાં નવિન્દ્ર ગુસ્સે ભરાયો હતો અને આ વખત કોઈને કહીશ નહિ તેમ સતત દબાણ કરતો હતો. બાદ નવિન્દ્રએ ગળે ફાંસો ખાવાની કોશિષ કરી તેની દાક્તરી સારવારના રૂ. ૫૦ હજાર પિયરમાંથી લઈ આવવાની માંગણીઓ કરતો હતો અને ફરિયાદ કરીશ તો મારી નાખીશ તેવી ધમકીઓ આપતો હતો. અન્ય સગાં પણ અવારનવાર તકરાર કરી ગાળાગાળી કરી શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં તેણીએ કરેલ છે. ઉક્ત ફરિયાદોના કલમ ૪૯૮ સહિતના ગુનાઓની તપાસ તલોદ પોલીસ ચલાવી રહી છે.



## મોડાસાના સાંઈ મંદિરમાં ચોકલેટ, બિસ્કીટના કલાત્મક હિંડોળા

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા જાણીતા સાંઈબાબા મંદિરના પરિસર તીર્થેશ્વર મહાદેવમાં સોમવારે સાંજના સમયે ચોકલેટ અને બિસ્કીટના કલાત્મક હિંડોળા ભરવામાં આવ્યા હતા. હિંડોળા એ પ્રભુભક્તિ માટે અનેરૂ મહત્વ ધરાવતા હોય છે. ત્યારે કલાત્મક હિંડોળા પણ ભક્તજનોની પ્રભુ ભક્તિ માટેની તત્પરતા દર્શાવી રહ્યા હતા. મોડાસાના નગરજનો ચોકલેટ-બિસ્કીટના હિંડોળાના દર્શન કરવા ઉમટ્યા હતા અને ધન્યતા અનુભવતા નજરે પડતા હતા.

# મેઘરજ સરકારી બી.એડ. કોલેજ દ્વારા ૧૩મો પ્રવેશોત્સવ ધામધૂમથી ઉજવાયો

અરવલ્લી, તા. ૩૦

અરવલ્લી જિલ્લાની મેઘરજ તાલુકા મથકની સરકારી બી.એડ. કોલેજ દ્વારા ૧૩મો પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. ૨૦૧૬-૧૮ના વર્ષ અંતર્ગત પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. સમારંભના મુખ્ય મહેમાન તરીકે મોડાસા બી.ડી. શાહ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ગીરીશભાઈ અતિથિવિશેષ તરીકે રામગઢી હાઈસ્કૂલના આચાર્ય અનિલભાઈ અને પી.સી.એન. હાઈ. મેઘરજના પ્રિન્સીપાલ સંજયભાઈ જોષીના હસ્તે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મેઘરજ સરકારી કોલેજના પ્રિન્સીપાલ ગાયત્રીબેન તેમજ અધ્યાપકગણ દ્વારા વિવિધ રૂપરેખા મુજબ પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં બી.એડ.નાતાલીમાર્થીઓ સેમ-૧ અને સેમ-૩ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તદઉપરાંત આઝાદી પર્વ પ્રસંગે એકતા રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કોલેજથી મામલતદાર કચેરી સુધી સેમ-૧ના તાલીમાર્થીઓએ રેલીનું આયોજન કર્યુ હતુ.

# પ્રાંતિજના કરોલ પાસે એક વર્ષ પહેલા સળગતી હાલતમાં મળેલ મૃતદેહની ઓળખ થઈ

## એક વર્ષ પછી માત્ર જમણાં હાથમાં લખેલ આરકે ટેટુના આધારે મૃતક યુવતીની ઓળખ થઈ : મર્ડરનો ગુનેગાર પણ પોલીસની પક્કડથી બે કદમ દૂર

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કરોલ પાસે આવેલ કરોલ ડેમ પાસેથી આજથી એક વર્ષ પહેલા વહેલી સવારે સળગતી હાલતમાં યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો અને પોલીસે મર્ડરનો ગુનો નોંધી અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

પ્રાંતિજના કરોલ પાસે તા. ૨૧-૮-૨૦૧૬ના રોજ વહેલી સવારે કરોલ ડેમ પાસે સવારે વહેલા અવાવરૂ જગ્યા અંદાજે ૨૫ વર્ની યુવતની સળગતી હાલતમાં મૃતદેહ મળતા ગામના સરપંચને જાણ થતાં પ્રાંતિજ પોલીસને જાણકારી આપી હતી અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અનો પોલીસે યુવતીના સગાસંબંધી સહિતની શોધખોળ હાથ ધરી હતી. જ્યારે મૃતક યુવતીની બળી જવાથી ચહેરો તથા સરીરે પહેરેલા કપડાં સહિત બળી ગયા હતા. જ્યારે જમણા હાથમાં લખેલ ઈંગ્લિશમાં લખેલ આરકે ટેટુના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી



પણ તેના કોઈ સગાં સંબંધીઓ કે યુવતીની ઓળખ થઈ નહી. જ્યારે બનાસકાંઠા પોલીસે ડૉ. રાજેશ મહેતાના અપહરણ કેસનો આરોપી કલ્પેશ પટેલ પકડાઈ જતાં મૃતક યુવતીની માતા મંગુબેનને આ સમાચાર ન્યુઝ પેપરમાં આવતા મંગુબેન પટેલ મહેસાણા પોલીસ સ્ટેશનમાં પોતાની દિકરીની કોઈ ભાળ ના મળતા જમાઈ કલ્પેશ પટેલ વિરૂદ્ધ જાણવા જોગ ફરીયાદ કરતાં અને પોતાની દિકરીની ઓળખ આપતા હાથમાં ટેટુ આરકે લખેલ છે જે પ્રાંતિજ પોલીસને પણ અખબારમાં પ્રસિદ્ધ થતાં પ્રાંતિજ પોલીસ પણ મહેસાણા ખાતે જઈને મધુબેનને જે તે સમયના મૃતક યુવતીના ફોટા બતાવતા મૃતક યુવતી ભાવના ઉર્ફે લીલી હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે મૃતક યુવતીની ઓળખ થતાં પ્રાંતિજ પોલીસ પણ આ કેસમાં છેક સુધી પહોંચી ગઈ છે અને ટુંક સમયમાં ભાવના પટેલ ઉર્ફે લીલીનો હત્યારો પોલીસની પકડમાં પકડાઈ જાય તો નવાઈ નહી અને પ્રાંતિજ પોલીસ આ કેસમાં જશ મળશે.



## મોડાસા ખાતે સ્વચ્છતા ભારત મિશન રેલી યોજાઈ

મોડાસા સરકારી ઈજનેરી કોલેજ તેમજ તત્વ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા લીલી ઝંડી આપીને સ્વચ્છ ભારત મિશન પ્રારંભ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાયોજના અધિકારીશ્રી, મોડાસા સરકારી ઈજનેરી કોલેજના પ્રિન્સિપાલ, તત્વ કોલેજના પ્રિન્સિપાલ તેમજ અન્ય સ્ટાફ આ રેલીમાં ભાગ લીધો હતો. સ્વચ્છતા મિશન રેલી તા. ૩૦-૮-૨૦૧૬ થી તા. ૩-૯-૨૦૧૬થી એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ તત્વ એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આ સ્વચ્છ ભારત મિશન રેલી તેમજ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ વિદ્યાર્થીઓ દ્વારા મેઘરજ મોડાસા અને ધનસુરા ખાતે કુલ ૩૦ દિવસ સુધી આ સ્વચ્છ ભારત મિશન યાત્રા પૂર્ણ કરાવવામાં આવનાર છે. સ્વચ્છ જાગૃતિ અભિયાન કાર્યક્રમમાં રેલીયો યોજાશે. ફળિયા મિટીંગો, શૌચાલયનું નિરીક્ષણ, ચિત્ર સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવનાર છે.

# ઉંઝાના વેપારી અગ્રણી અચાનક ગુમ થતાં ચકચાર

ઉત્તર ગુજરાતના પાટણ ખાતે રહેતા અને મેડીકલના સાધનોનો વેપાર સાથે સંકળાયેલ પ્રવિણભાઈ બબાભાઈ રાવળ ગઈકાલે મોડી સાંજે ઉંઝા હાઈવે પરથી ક્યાંક ગુમ થતાં આ વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે. ગુમ થયેલ ધંધાર્થીનું અપહરણ થવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. જો કે આ અંગે ઉંઝા પોલીસે ગુમ થવા સંદર્ભે જાણવા જોગ નોંધ કરી તપાસ આરંભી છે. પરંતુ ૨૦ કલાકનો સમય વીતિ જવા છતાં ધંધાર્થીની કોઈ ભાળ મળી નથી.

મૂળ વિસનગર તાલુકાના વાલમ ગામના વતની અને પાટણ ખાતે ટી.બી. ત્રણ રસ્તા પાસે પાયલ પાર્ક સોસાયટીમાં રહેતા પ્રવિણભાઈ બબાભાઈ રાવળ મેડીકલને લગતા સાધનોનો વેપાર કરે છે. ગઈકાલે બપોરે તેઓ પોતાની સ્વીફ્ટ ડીઝાયર કાર લઈને ધંધાર્થી મહેસાણા ગયા હતા. સાંજના સાડા સાત વાગે તેમના ધર્મપત્નિએ તેમનો ટેલીફોનીક સંપર્ક સાધ્યો હતો ત્યારે તેમણે હાલ મહેસાણા છુ, કામ પુરૂ થઈ ગયેલ છે. અને થોડીવારમાં નીકળુ છુ તેમ જણાવ્યું હતું. બાદ અડધા કલાક બાદ તેમના ધર્મપત્નિએ ફોન કરતાં ફોન ઉપડતો ન હતો. ત્યારબાદ વારંવાર ફોન કરવા છતાં ફોન રીસીવ ન થતાં રાત્રીના સાડા નવ વાગ્યાના સુમારે તેમના ધર્મપત્નિ પોતાના પુત્ર સાથે મોટર સાયકલ પર મહેસાણા જવા નીકળ્યા હતા.

દરમિયાન પાટણથી ઉંઝા આવતા રસ્તાની બંને બાજુએ તપાસ કરતાં ઉંઝા હાઈવે પોલીસ ચોકી સર્કલ નજીક પકવાન હોટલ પાસે સર્વિસ રોડ પર નાગદેવ લોજ એન્ડ નાસ્તા હાઉસ આગળ પોતાની સ્વીફ્ટ મોટરકાર નં. જીજે.૨૪.કે.૬૧૭૦ પડેલી હતી. ગાડીમાં ચાવી લગાડેલ હતી તેમજ તેમનો મોબાઈલ પણ કારમાં હતો. જેથી માતા પુત્રે આસપાસ શોધખોળ કરી હતી. પરંતુ તેઓની કોઈ ભાળ મળી ન હતી. આથી પુત્ર નિરવકુમાર રાવલે ઉંઝા પોલીસ મથકે જઈ હકિકત જણાવતાં પોલીસે ગુમ થવા અંગે જાણવા જોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# નર્મદા અને મહીસાગરના પાણીનો ઉત્તર ગુજરાતમાં મહત્તમ ઉપયોગ કરાયો

મહેસાણા, તા. ૩૦

નર્મદા મહીસાગરના વહી જતા વધારાનો પાણીનો ઉત્તર ગુજરાતમાં મહત્તમ ઉપયોગ કરાયો છે. સુજલામ સુફલામ સ્પ્રે કેનાલ મારફત અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં વિવિધ જગ્યાએથી નર્મદાના ૧૮૨૫ ક્યુસેક અને કડાણાના ૮૫૦ ક્યુસેક પ્રમાણે પાણી કેનાલમાં નાખી રીચાર્જ તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સિંચાઈનો લાભ આપવાનું આવ્યું છે.

સ્પ્રે કેનાલમાં પાણી વહન દરમિયાન સાબરમતી, ખારી, રૂપેણ, સરસ્વતી, પુષ્પાવતી અને બનાસ જેવી નદીઓ તથા સ્પ્રે કેનાલને ક્રોસ થતા ૨૪ કાંસમાં ૭૦૦ કિ.મી. પાણીનું વહન કરાવી ૫૦૦ થી વધુ ગામોને રીચાર્જ તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ મળ્યો છે.

ચોમાસા દરમિયાન નર્મદા આધારીત પાઈપલાઈનો મારફત તેમજ સુઝલામ સુફલામ સ્પ્રે કેનાલ દ્વારા ૩૫ મોટા ચેકડેમો, ૧૦૮ નાના ચેકડેમો તથા ૨૩૯ ગામોના ૩૮૬ તળાવો ભરી ઉદવહન સિંચાઈ તથા ભૂગર્ભ રીચાર્જનો લાભ અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને આપવામાં આવે છે.

ચીમનાબાઈ સરોવર ખેરાલુ માટે ઉદવહન પાઈપલાઈન દ્વારા ૫૦ ક્યુસેક નર્મદાના પાણીનો જથ્થો સતત નાંખી રીચાર્જનો લાભ આપવામાં આવે છે. ધરોઈ જળાશયમાં રાજસ્થાનમાં સારા વરસાદના કારણે જળાશય ૭૦ટકા કરતાં વધારે ભરાયેલ હોઈ ૫૦ ક્યુસેક પાણી સાબરમતી નદીમાં નીચેવાસમાં છોડવામાં આવે છે. સાબરમતી મુખ્ય નહેરમાં ૧૦૦ ક્યુસેક પાણી છોડી સરસ્વતી લીંક કેનાલ મારફત સરસ્વતી નદીમાં તેમજ ધરોઈ યોજનાની નહેરોથી જોડાયેલ તળાવો ભરી આજુબાજુના વિસ્તારોમાં રીચાર્જનો તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ અપાઈ રહ્યો છે.

સુઝલામ સુફલામ યોજના મારફત ઉત્તર ગુજરાતમાં વધારાની બીજી પાઈપલાઈનો મારફત બીજા વધારાના અંદાજે ૨૫૦ જેટલા તળાવો ભરવાનું આયોજન કરાયું છે. તેમ કાર્યપાલક ઈજનેર સુઝલામ સુફલામ વિભાગ ૨ વિસનગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મહેસાણા જિલ્લામાં સ્વસહાયજુથી મહિલાઓ, વિદ્યાર્થીઓ શ્રમદાન થકી જિલ્લામાં એક હજાર શૌચાલયોનું નિર્માણ કરશે

૨ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ પ્રધાનમંત્રીએ સમગ્ર દેશમાં સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરાવી હતી. સરકાર દ્વારા ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કાર્યક્રમ માટે જિલ્લામાં નાણાંકિય સહાય આપી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણનું આયોજન કરાયું છે. લોકોનું આરોગ્ય જળવાય તેમજ ખુલ્લામાં શૌચક્રિયા બંધ થાય તે માટે સુચિમાં આવતા લાભાર્થીઓને ૧૨ હજારની સહાય ચુકવવામાં આવે છે.

મહેસાણા જિલ્લામાં ૨૦૧૪ના વર્ષમાં ૧,૩૮,૦૧૩ કુટુંબો શૌચાલય વિહોણા હતા જેમાંથી મોટાભાગના ઘરોમાં શૌચાલયો પુર્ણ કરાયા છે. સમગ્ર જિલ્લો ખુલ્લામાં સૌચક્રિયા મુક્ત બને તે માટે ગતિશીલ પુર્ણ આગળ વધી રહ્યો છે. મહેસાણા જિલ્લામાં આ બાબતે જનજાગૃતિના ભાગરૂપે યુવાનો, મહિલાઓ તેમજ સરકારી અને સ્વ નિર્ભર એન્જીનીયરંગ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા શ્રમદાનથી શૌચાલય નિર્માણનું કામ શરૂ કરાયુંછે.

૩૦ ઓગષ્ટ ૨૦૧૬થી ૩ સપ્ટેમ્બર ૨૦૧૬ સુધી યોજનાર શૌચાલય નિર્માણના શ્રમદાન કાર્યક્રમમાં સ્વસહાય જુથની બે મહિલા કાર્યકરો, લાભાર્થી વિદ્યાર્થીઓ મળી પાંચ વ્યક્તિઓની ટીમ દ્વારા એક ઘરના શૌચાલયનું નિર્માણ કરશે. મહેસાણા જિલ્લામાં ૩૦ ટીમો દ્વારા એક હજાર શૌચાલયો બનાવવા માટે વિદ્યાર્થીઓ શ્રમદાન કરનાર છે. આ બાબતે મહેસાણા જિલ્લામાં ૨૯ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ ઓરીએન્ટેશન પ્રોગ્રામ મર્ચન્ટ ઈજનેરી કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૦૦ વિદ્યાર્થીઓને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત અભિયાન તેમજ સ્વચ્છ ભારત મિશન અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.